# કરોડોના કૌભાંડમાં આરોપીઓ પાસેથી 20 લાખ રોકડા સહિત 35.94 લાખનો મુદ્દામાલ રિકવર, નોટો ગણવા મશીન વસાવ્યું હતું !

**ફરિયાદકા ગામના બે આરોપીઓના રિમાન્ડ દરમિયાન સોનાના દાગીના, કાર અને નોટ ગણવાનું મશીન જપ્તઃ અત્યાર સુધીમાં ૧૦૩ સાક્ષીઓની પૂછપરછમાં અંદાજે ૬.૧૯ કરોડથી વધુની રકમ પરત આપવાની હોવાનું તપાસમાં ખૂલ્યું**

ભાવનગર,તા.૧૪

ભાવનગર જિલ્લાના વરતેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ફરિયાદકા ગામે વધુ વળતરની લાલચ આપી રોકાણકારો સાથે છેતરપિંડી આચરવાના ગુનામાં ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. ૨૦ ટકા વળતરની લોભામણી સ્કીમ ચલાવી કરોડો રૂપિયાનું કૌભાંડ આચરનારા પકડાયેલા આરોપીઓ પાસેથી પોલીસે રોકડા રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- સહિત કુલ રૂપિયા ૩૫,૯૪,૫૦૦/-ની મતા રિકવર કરી છે.









પોલીસના જણાવ્યા અનુસાર, વરતેજ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની વિવિધ કલમો તેમજ જી.પી.આઈ.ડી. એક્ટ (GPID Act) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કેસની તપાસ દરમિયાન પકડાયેલા આરોપીઓ સંજયભાઈ મુળજીભાઈ ધામેચા (ઉં.વ. ૪૪, ધંધોઃ ડ્રાઈવિંગ) અને યોગેશભાઈ વેલજીભાઈ ધામેચા (ઉં.વ. ૩૦), બંને રહેવાસી ફરિયાદકા, તા.જી. ભાવનગરને કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના પોલીસ કસ્ટડીના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા. નામદાર કોર્ટે આરોપીઓના તા. ૧૩/૦૭/૨૦૨૬ સુધીના રિમાન્ડ મંજુર કર્યા હતા.

રિમાન્ડના સમયગાળા દરમિયાન પોલીસે કરેલી સઘન પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી હતી કે તેમણે રોકાણકારો પાસેથી મેળવેલા નાણાંમાંથી અમુક કિંમતી ચીજવસ્તુઓની ખરીદી કરી હતી અને મોટી રકમ પોતાની પાસે રોકડી રાખી હતી. આરોપીઓની આ કબૂલાતના આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચે સપાટો બોલાવીને કુલ રૂ. ૨૦,૦૦,૦૦૦/- રોકડા, રૂ. ૮,૨૩,૫૦૦/- ની કિંમતના સોનાના દાગીના, રૂ. ૭,૦૦,૦૦૦/- ની કિંમતની સુઝુકી ડીઝાયર કાર GJ-4-FA-4469, રૂ. ૭૦,૦૦૦/- નું એક્સેસ સ્કૂટર GJ-04-FC-8148, રૂ. ૧,૦૦૦/- ની કિંમતનું તૂટેલી હાલતનું નોટ ગણવાનું મશીન તેમજ હિસાબ લખેલા ૨ નંગ ચોપડા જપ્ત કર્યા છે.

આ કૌભાંડની વ્યાપકતા ખૂબ મોટી હોવાનું સામે આવ્યું છે. આજદિન સુધીની પોલીસ તપાસ દરમિયાન ફરિયાદી સહિત કુલ ૧૦૩ સાહેદો (સાક્ષીઓ) ના નિવેદનો લેવામાં આવ્યા છે. જેમાં પ્રાથમિક વિગતો મુજબ રોકાણકારોના કુલ રૂપિયા ૬,૧૯,૨૪,૫૮૮/- પરત આપવાના બાકી હોવાનું જણાઈ આવ્યું છે.

આ છેતરપિંડીના કેસ સંદર્ભે ભાવનગર જિલ્લા પોલીસ દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે, જો કોઈ પણ નાગરિકે ફરિયાદકા ગામના સંજયભાઈ ધામેચા અને યોગેશભાઈ ધામેચા પાસે નાણાંનું રોકાણ કર્યું હોય અને તેમની રોકાણ કરેલી રકમ કે પાકતી મુદતની રકમ પરત મળી ન હોય, તો તેઓ કાયદેસરની કાર્યવાહી કરાવી શકે છે. આવા ભોગ બનનાર તમામ રોકાણકારોએ પોતાના જરૂરી આધાર-પુરાવા અને દસ્તાવેજી સાહિત્ય સાથે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની કચેરીનો તાત્કાલિક સંપર્ક કરવો.


# ગાંજાના જથ્થા સાથે જોકરને ઝડપી લેતી વરતેજ પોલીસ

**સિહોરના શખ્સનું નામ ખુલતા પોલીસ દ્વારા શોધખોળ**

ભાવનગર,તા.૧૪

વરતેજ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.બી. પઢેરિયા અને સ્ટાફના માણસો વાહન ચેકિંગમાં હતા. આ દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થતા આરોપી વિકી ઉર્ફે જોકર સંજયભાઈ મકવાણા (ઉં.વ. ૨૧, ધંધોઃ ગેરેજ મજૂરી, રહે. ઈન્દિરાનગર, ભાવનગર) ને અટકાવી તેની તલાશી લેવામાં આવી હતી.





પોલીસ તપાસમાં આરોપી પાસેથી ૨૧૨ ગ્રામ ગાંજો કિંમત રૂ. ૧૦,૬૦૦/-, એક મોટરસાયકલ કિંમત રૂ. ૨૦,૦૦/- અને એક મોબાઈલ ફોન કિંમત રૂ. ૧૦,૦૦૦/- મળીને કુલ રૂપિયા ૪૦,૬૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. વરતેજ પોલીસે પકડાયેલા આરોપી સામે એન.ડી.પી.એસ. (NDPS) એક્ટની જોગવાઈ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસમાં અન્ય એક આરોપી દિલીપભાઈ સોલંકી (રહે. રામનગર, સિહોર) ને પકડવાનો બાકી હોય, પોલીસે તેને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# રથયાત્રા રૂટ પર લારી-ગલ્લા અને પાથરણા રાખવા પર તંત્રનો પ્રતિબંધ

**નિયત રૂટ પર તમામ પ્રકારના કામચલાઉ સ્ટોલ બંધ રાખવા આદેશઃ નિયમોનું ઉલ્લંઘન કરનારના લારી-ગલ્લા જપ્ત કરાશે**

ભાવનગર,તા.૧૪

ભાવનગર શહેરમાં આગામી તારીખ ૧૬ના રોજ પરંપરાગત રીતે ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા નીકળનાર છે. રથયાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓની સુરક્ષા, કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફિકની સુગમતા જળવાઈ રહે તે માટે ભાવનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

એસ્ટેટ ઓફિસર દ્વારા જણાવ્યા મુજબ ૧૫ થી ૧૬ સુધી રથયાત્રાના નક્કી કરેલા સંપૂર્ણ રૂટ પર તેમજ તેની આસપાસના મુખ્ય રસ્તાઓ પર તમામ પ્રકારના પાથરણા, લારી-ગલ્લા અને કામચલાઉ સ્ટોલ સંપૂર્ણપણે બંધ રાખવાના રહેશે. રથયાત્રાના રૂટ પર કોઈપણ પ્રકારનું દબાણ કરી શકાશે નહિ. આ વ્યવસ્થા રથયાત્રાના શાંતિપૂર્ણ સંચાલન અને જાહેર જનતાની સુરક્ષા માટે કરવામાં આવી છે.

મહાનગરપાલિકાના તંત્ર દ્વારા શહેરના તમામ વેપારી મિત્રો, લારી-ગલ્લા ધારકો અને આમ જનતાને આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા તાકીદ કરવામાં આવી છે. જો કોઈ આસામી આ સરકારી સૂચનાઓનું ઉલ્લંઘન કરશે, તો તેમની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે અને તેમના લારી-ગલ્લા જપ્ત કરી લેવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવા એસ્ટેટ વિભાગ દ્વારા તાકીદ

# શહેરમાં મચ્છરજન્ય રોગો અટકાવવા મહાપાલિકાનું 'મિશન મોડ': ૧.૨૬ લાખથી વધુ ઘરોનું સઘન સર્વેલન્સ

**૨૮૮ ટીમો દ્વારા ૪.૭૦ લાખની વસ્તીને કવર કરાઈ, ૪૭૫ ઘરોમાં મચ્છરોના પોરા મળતા નાશ કરાયોઃ ૧૭૬૯ લોહીના નમૂના નેગેટિવ આવતા રાહત**

ભાવનગર,તા.૧૪

ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને ભાવનગર મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા વાહકજન્ય રોગ નિયંત્રણ હેતુથી 'મિશન મોડ' પર સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. શહેરના તમામ વિસ્તારોને આવરી લેવા માટે પાલિકા દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગની અખબારી યાદી મુજબ, ગત અઠવાડિયા દરમિયાન કુલ ૨૮૮ ટીમો અને ૫૯ સુપરવાઈઝરો દ્વારા ૧,૨૬,૭૫૬ ઘરોની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન અંદાજે ૪,૭૦,૧૯૯ જેટલી વસ્તીને કવર કરવામાં આવી હતી.

સર્વે દરમિયાન કુલ ૪૭૫ ઘરોમાં તેમજ તપાસવામાં આવેલા ૩,૭૫,૪૨૬ પાત્રોમાંથી ૫૬૮ પાત્રોમાં મચ્છરોના પોરા (લાવિા) મળી આવ્યા હતા, જે તમામનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ઈન્ટ્રા ડોમેસ્ટિક કામગીરી અંતર્ગત ૧,૩૮૯ અને ઘરોની બહાર ૧,૨૫૮ મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો નાશ કરાયો હતો તેમજ ૨૪૫ સ્થળોએ ઓઈલિંગ કરવામાં આવ્યું હતું. ૧૭૬૯ લોહીના નમૂના તપાસાયા

આ સર્વેલન્સ દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા તાવના દર્દીઓ સહિત કુલ ૧,૭૬૯ લોહીના નમૂના લેવામાં આવ્યા હતા. આ તમામ નમૂનાઓનું મેલેરિયા માટે પરીક્ષણ કરવામાં આવતા એક પણ કેસ પોઝીટીવ મળી આવ્યો નથી, જે તંત્ર માટે રાહતના સમાચાર છે. આ ઉપરાંત કન્સ્ટ્રક્શન સાઈટ, શાળા અને આંગણવાડી મળીને ૫૩ સ્થળોની મુલાકાત લેવાઈ હતી, જ્યાં કોઈ પોરા મળી આવ્યા નહોતા. મહાનગરપાલિકાના મેડિકલ ઓફિસર ઓફ હેલ્થની યાદીમાં લોકોને મચ્છરોનો ઉપદ્રવ અટકાવવા માટે સાવચેતી રાખવા અને લક્ષણો જણાયે નજીકના શહેરી પ્રાથમિક કે સામુહિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા જણાવાયું છે.

# મહુવામાં અષાઢી બીજે નીકળશે જગન્નાથજીની ૩૨મી ભવ્ય રથયાત્રા

**તૈયારીઓ પૂર્ણતાના આરે; એક જ રથમાં બિરાજી ત્રણેય દેવો નગરચર્યાએ નીકળશે**

ભાવનગર,તા.૧૪

મહુવા શહેરમાં ભગવાન જગન્નાથજીની ૩૨મી ભવ્ય રથયાત્રાની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. જગન્નાથ રથયાત્રા સમિતિ દ્વારા વર્ષ ૧૯૯૫થી, એટલે કે છેલ્લા ૩૧ વર્ષથી આ ધાર્મિક ઉત્સવનું અવિરત આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે પણ જગન્નાથ પુરીની પવિત્ર પરંપરા અનુસાર ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજી એક જ વિશાળ રથમાં બિરાજીને નગરચર્યાએ નીકળશે. રથયાત્રાનું પ્રસ્થાન ખારના ઝાપાથી થશે. ત્યાંથી સોની બજાર, વાસી તળાવ અને ગાંધીજીના બાવલા થઈને યાત્રા ગાંધીબાગ પહોંચશે. ગાંધીબાગ ખાતે દર વર્ષની પરંપરા મુજબ ભગવાન જગન્નાથજીનું ભવ્ય મોસાળું કરવામાં આવશે.

મોસાળાની વિધિ પૂર્ણ થયા બાદ રથયાત્રા નિજ મંદિર પરત ફરશે. મંદિરે પહોંચ્યા બાદ ત્રણેય દેવોને બિરાજમાન કરી વિશેષ પૂજા-અર્ચના, મહાઆરતી અને ત્યારબાદ ભક્તો માટે મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.

# સિહોરમાં અષાઢી બીજે ભગવાન જગન્નાથજી અને વેલનાથ બાપાની રથયાત્રા નીકળશે

**ધાર્મિક-સામાજિક સંગઠનોના પ્રતિનિધિઓ અને રાજકીય અગ્રણીઓની ઉપસ્થિતિમાં કાયદો-વ્યવસ્થા અંગે વિસ્તૃત ચર્ચા**

ભાવનગર,તા.૧૪

સિહોરમાં આગામી સમયમાં યોજાનારી ભગવાન જગન્નાથજી અને વેલનાથ બાપાની રથયાત્રાના સુચારુ આયોજન તેમજ શાંતિપૂર્ણ માહોલ જાળવવા માટે સિહોર પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની એક મહત્વની બેઠક યોજાઈ હતી.

આ બેઠક રથયાત્રા ઈન્ચાર્જ ડીવાયએસપી ચિંતન પટેલ, પીઆઈ કે.એ. ગઢવી અને પીએસઆઈ એન.કે. મકવાણાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં રથયાત્રાનો રૂટ, ટ્રાફિક અને પાર્કિંગ વ્યવસ્થા, સુરક્ષા બંદોબસ્ત, ભીડ નિયંત્રણ તેમજ સીસીટીવી મોનિટરિંગ જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠકમાં વિશ્વ હિન્દુ પરિષદના પ્રતિનિધિઓ,



ભાજપ-કોંગ્રેસના આગેવાનો, અગ્રણી શરદભાઈ મલુકા અને નગરપાલિકાના પદાધિકારીઓ હાજર રહ્યા હતા. પોલીસ તંત્ર દ્વારા તમામ નાગરિકોને પરસ્પર સહકાર આપી રથયાત્રાને શાંતિપૂર્ણ વાતાવરણમાં સફળ બનાવવા અપીલ કરાઈ હતી.

# આવતીકાલે શિશુવિહારની બુધસભા બેઠક મળશે

ભાવનગર,તા.૧૪

૧૯૮૦થી અવિરત ચાલતી શિશુવિહાર બુધસભાની ૨૪૦૦મી બેઠક ગુજરાતી સાહિત્ય અકાદમી અને શિશુવિહાર બુધસભાના સંયુક્ત ઉપક્રમે તા ૧૫-૭-૨૦૨૬ બુધવારે સાંજે ૬:૧૫ કલાકે શિશુવિહાર બુધસભા ખાતે ડૉ.માનસીબેન ત્રિવેદીના સંચાલનમાં યોજાશે.આ સર્જકગોષ્ઠિ ઉપક્રમમાં સુરતના ખૂબ જાણીતા કવિશ્રી પ્રશાંત સોમાણી તેમના સર્જન અને સર્જનયાત્રા વિશે સંવાદ કરશે. રસ ધરાવતા સૌ કવિમિત્રો અને ભાવકોને સમયસર ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# પોતાના ધંધામાં પ્રગતી થઈ રહી છે કે કેમ?, ચેમ્બર દ્વારા બીઝનેસ હેલ્થ ચેકઅપ માર્ગદર્શન સેમીનાર

ભાવનગર,તા.૧૪

સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર-ભાવનગર અને સીઈડીના સંયુક્ત ઉપક્રમે બીઝનેસ હેલ્થ ચેકઅપ વિષય અંતર્ગત માર્ગદર્શન સેમીનાર યોજાશે.

ઉદ્યોગ સાહસિકઓ અને વેપારી મિત્રો અમુક સમયે પોતાના ધંધામાં પ્રગતી થઈ રહી છે કે કેમ તથા ધંધામાં આવતા વિવિધ પ્રશ્નો જેમ કે માણસોને લગતા, મશીનરીને લગતા, રો-મટીરીયલને લગતા, ગ્રાહકોને લગતા, માર્કેટને લગતા વગેરે પ્રશ્નોનું નિરાકરણ લાવવા પોતાના બિઝનેસનું હેલ્થ ચેકઅપ કરવાના ભાગરૂપે આ વિષય ઉપર સેમીનાર તા.૧૮ને શનિવારના રોજ બપોરે ૩:૩૦ કલાકે ચેમ્બર સભા હોલ, ૩૧૫, સાગર કોમ્પલેક્ષ, જશોનાથ સર્કલ, ભાવનગર ખાતે યોજવામાં આવેલ છે. કાર્યક્રમમાં જોડાવા ઈચ્છુક વ્યક્તિઓએ મોબાઈલ નંબર ૯૨૭૪૧૦૦૮૮૦ ઉપર રજીસ્ટ્રેશન કરવી લેવું. રજીસ્ટ્રેશન નિઃશુલ્ક પણ ફરજીયાત છે. મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી વહેલા તે પહેલાના ધોરણે તા.૧૭ સુધી કરવામાં આવશે.

# PNR સોસાયટીમાં મેગા કેમ્પનું થયું ઉદ્‌ઘાટન

**PNR સોસાયટી સંચાલિત 'નટરાજ' સી. પી. સ્કૂલ, ભાવનગર, નટરાજ ઓડિટોરિયમ ખાતે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિવિધ પ્રકારની દિવ્યાંગતાવાળા બાળકો માટે વિશિષ્ટ પ્રાથમિક નિદાન અને સારવારલક્ષી જરૂરિયાતો માટેના મેગા કેમ્પનું દીપ પ્રાકટ્ય દ્વારા કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, બે દિવસના આ કેમ્પમાં ૧૮૦ થી વધુ દિવ્યાંગો લાભ લઈ રહ્યાં છે. દિવ્યાંગ ભૂલકાઓની પ્રભુ પ્રાર્થના અને મહામંત્રી પારસભાઈ શાહના શાબ્દિક સ્વાગત બાદ સી. પી. સ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ જિજ્ઞાબેન સોલંકીએ પ્રસંગ પરિચય આપેલ.**



# સુભાષનગરનો શખ્સ દેશી તમંચા સાથે એસઓજીના હાથે ઝડપાયો

**રાજપરા ખોડીયાર ચોકડી પાસેથી હથિયાર સાથે ઝડપી લઈ કરાઈ કાર્યવાહી**

ભાવનગર,તા.૧૪

આગામી રથયાત્રાના તહેવારને અનુલક્ષીને ભાવનગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ચુસ્ત રાખવા પોલીસ તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. ગેરકાયદે હથિયારો ધરાવતા ઈસમો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની સૂચના



અંતર્ગત, ભાવનગર એસ.ઓ.જી. પોલીસે એક ઈસમને દેશી બનાવટી પિસ્તોલ સાથે ઝડપી લેવામાં સફળતા મેળવી છે.

એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટરના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો દ્વારા પેટ્રોલીગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન એ.એસ.આઈ. હરેશભાઈ ઉલવાને મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે રાજપરા ખોડીયાર ચોકડી પાસે વોચ ગોઠવી હતી. ત્યાંથી રાહુલ ઉર્ફે રહીશ કિશોરભાઈ ચૌહાણ (ઉંમર ૩૦, રહે. સુભાષનગર, ભાવનગર) નામના શખ્સને ગેરકાયદેસર દેશી પિસ્તોલ સાથે દબોચી લેવાયો હતો. આ અંગે શિહોર પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે.

આ સફળ કામગીરીમાં એસ.ઓ.જી.ના એ.એસ.આઈ. હરેશભાઈ, હેડ કોન્સ્ટેબલ સોહિલભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ હરપાલસિંહ, ઘનશ્યામભાઈ, રવિરાજસિંહ, કૃષ્ણરાજસિંહ અને ડ્રાઈવર કોન્સ્ટેબલ વિરભદ્રસિંહ જોડાયા હતા.

# વિશ્વ વસ્તી દિવસની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું !

સ્વામિનારાયણ વિદ્યાલય જીઆઈડીસી ચિત્રા ભાવનગર ખાતે તા. ૧૧ જુલાઈ, ૨૦૨૬ ના રોજ વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવી હતી .કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને વિશ્વમાં વધતી વસ્તી, તેના કારણે ઊભી થતી સમસ્યાઓ તેમજ નિયંત્રિત વસ્તી – ઉજ્જવળ ભવિષ્યના સંદેશ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. શિક્ષકઓએ વસ્તી નિયંત્રણ, આરોગ્ય જાગૃતિ, શિક્ષણનું મહત્વ અને કુટુંબ કલ્યાણ અંગે માર્ગદર્શન આપ્યું હતું.વિદ્યાર્થીઓએ વિશ્વ વસ્તી દિવસના મહત્વને ઉજાગર કરતાં વિચારો રજૂ કર્યા તેમજ જવાબદાર નાગરિક તરીકે સમાજમાં જાગૃતિ ફેલાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય ઘનશ્યામભાઈ મેતલિયા દ્વારા વિદ્યાર્થીઓને વિશ્વ વસ્તી દિવસનો સંદેશ જીવનમાં ઉતારવા તેમજ સમાજમાં જાગૃતિ લાવવા પ્રેરણા આપવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# વરતેજમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

ભાવનગર,તા.૧૪

ભાવનગરના વરતેજ પોલીસ મથકના સ્ટાફે નાઈટ પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે વરતેજ નારી ચોકડી પાસે આવેલ વિશાલ ટ્રેડર્સની પાછળ દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હાર-જીતનો જુગાર (તીન-પત્તી) રમતા પાંચ ઈસમોને રોકડ સહીત મુદ્દામાલ સાથે પોલીસે રંગેહાથ ઝડપી લીધા હતા.

વરતેજ પોલીસે બાતમીના આધારે પડેલા દરોડામાં ગોળ કુંડાળું વળીને જાહેરમાં સ્ટ્રીટલાઈટના અજવાળે જુગાર રમતા ધર્મેન્દ્રભાઈ કરશનભાઈ મકવાણા (રહે. સીદસરગામ), લાલાભાઈ તુલશીભાઈ ચારોલીયા (રહે. સીદસરગામ), હરેશભાઈ ધરમશીભાઈ પરમાર (રહે. આખલોલ જકાતનાકા), રાજુભાઈ બચુભાઈ સોલંકી (રહે. સીદસરગામ) તથા મયુરભાઈ દિનેશભાઈ વાઘેલા (રહે. સીદસરગામ) વાળા ઝડપાઈ ગયા હતા.પોલીસે આરોપીઓની અંગઝડતી અને પટમાંથી કુલ મળીને રોકડા રૂ ૧૪,૪૦૦ તથા ગંજીપત્તાના પાના કબજે કર્યા હતા.વરતેજ પોલીસ દ્વારા તમામ આરોપીની ધરપકડ કરી તેઓના વિરુદ્ધ જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**વિશાલ ટ્રેડર્સ પાછળ તીન-પત્તીનો જુગાર રમતા શખ્સો પાસેથી કુલ રૂ. ૧૪,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કરાયો**

# સિહોરમાં પત્નીએ પ્રેમી સાથે મળીને પતિની હત્યાનું ઘડેલું કાવતરું નિષ્ફળ

## પતિએ ગોઠવેલા સ્પાઈ કેમેરા અને વોટ્સએપ ચેટથી ભાંડો ફૂટ્યો

ભાવનગર,તા.૧૪

સિહોરના ભગવતી પાર્ક વિસ્તારમાં રહેતા ઈબ્રાહીમભાઈ ડેરૈયાને તેમની પત્ની રશીદાબેનના પાડોશી તૌફીક રાધનપરા સાથેના આડા સંબંધની શંકા હતી. ઘરમાં સ્પાઈ કેમેરા લગાવતા પત્નીની પોલ ખુલી ગઈ હતી. તૌફીકે પત્નીને આપેલા છૂપા મોબાઈલની વોટ્સએપ ચેટ ચેક કરતા બંનેએ મળીને ઈબ્રાહીમભાઈને જાનથી મારી નાખવાનું કાવતરું ઘડ્યું હોવાનો સનસનીખેજ ખુલાસો થયો હતો.

આ બાબતે ઠપકો આપતા તૌફીકે રસ્તામાં આંતરીને ઈબ્રાહીમભાઈને છરી બતાવી ધમકાવ્યા હતા. આ ગંભીર બનાવ અંગે પતિએ પોતાની પત્ની અને તેના પ્રેમી વિરુદ્ધ સિહોર પોલીસ મથકમાં બી.એન.એસ કલમ ૬૧(૨)(ક), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એ ૧૩૫ મુજબ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મહુવામાં ચોકીદારની નિર્મમ હત્યા કરનાર આરોપી ઝડપાયો

## ભંગારની લારી હટાવવા બાબતની સામાન્ય બોલાચાલી લોહિયાળ ખેલમાં પરિણમી



ભાવનગર,તા.૧૪

મહુવા શહેરની ભવાની રેસિડેન્સીમાં રવિવારે મોડી રાત્રે એક ચોકીદારની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીકી નિર્મમ હત્યા કરાતા ચકચાર મચી ગઈ છે. જોકે, પોલીસે ગંભીરતા દાખવીને ગણતરીના કલાકોમાં જ હત્યાનો ભેદ ઉકેલી મુખ્ય આરોપીને ઝડપી પાડ્યો છે.

પ્રાથમિક તપાસ અનુસાર, ભવાની રેસિડેન્સી પાસે ભંગારની લારી લઈ જવા બાબતે ચોકીદાર અને આરોપી વચ્ચે અગાઉ ઉગ્ર ઝઘડો થયો હતો. આ બોલાચાલીની અદાવત રાખીને હુમલાખોરે મોડી રાત્રે ચોકીદાર પર ઘાતકી હુમલો કરી, લોહીલુહાણ હાલતમાં મૂકીને ફરાર થઈ ગયો હતો.

વહેલી સવારે ઘટનાની જાણ થતાં જ લોકોના ટોળા એકઠા થયા હતા અને પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને ગણતરીના કલાકોમાં જ આરોપી ગૌરાંગ ઉર્ફે લાલજી ભીલવાડાને દબોચી લીધો છે.

# તળાજામાં દશનામ ગોસ્વામી જ્ઞાતિનું સંમેલન અને વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાશે

## વર્ષ ૨૦૨૬ના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરાશેઃ ૨૫ જુલાઈ સુધીમાં માર્કશીટ જમા કરાવવા અપીલ

તળાજા,તા.૧૪

તળાજા તાલુકા દશનામ ગોસ્વામી પ્રગતિ મંડળ દ્વારા જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ અને સન્માન સમારોહ તેમજ જ્ઞાતિજનોના એક સ્નેહમિલન સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે મંડળ દ્વારા માર્કશીટ મંગાવવામાં આવી છે. વર્ષ ૨૦૨૬ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની ઝેરોક્ષ કોપી આગામી તારીખ ૨૫-૦૭-૨૦૨૬ સુધીમાં 'શિવ ઓટો એજન્સી' (મહુવા ચોકડી, પેટ્રોલ પંપની સામે, તળાજા) ખાતે દીપકગીરી કાંતિગીરી પાસે જમા કરાવવાની રહેશે.

મંડળના પ્રમુખની સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર, આ સન્માન સમારોહ માટે માત્ર ચાલુ વર્ષ એટલે કે સને ૨૦૨૬ની જ માર્કશીટ માન્ય રહેશે. ગત વર્ષ ૨૦૨૫ની માર્કશીટ સ્વીકારવામાં આવશે નહીં. આ ઉપરાંત, જાહેર કરાયેલી અંતિમ તારીખ ૨૫-૦૭-૨૦૨૬ પછી મળનારી કોઈપણ માર્કશીટને ધ્યાને લેવામાં આવશે નહીં, જેની તમામ જ્ઞાતિજનોએ નોંધ લેવા અનુરોધ કરાયો છે.

# જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠકમાં ગ્રામીણ જળ સુવિધાના ૬ વિકાસકામોને વહીવટી મંજૂરી

## કલેક્ટર ડૉ. મનીષકુમાર બંસલના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં 'હર ઘર જલ' અને પાણી વેરા વસૂલાતની સમીક્ષા કરાઈઃ વિવિધ તાલુકાના ગામો માટે નાણાકીય સહાય મંજૂર

ભાવનગર,તા.૧૪

ભાવનગર કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર ડૉ. મનીષકુમાર બંસલના અધ્યક્ષસ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લામાં પીવાના પાણીની સુવિધા વધુ સુદૃઢ બનાવવા અને ગ્રામ્ય વિસ્તારોમાં પાણી વિતરણ વ્યવસ્થામાં વ્યાપક સુધારો કરવા માટે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.




બેઠક દરમિયાન કલેક્ટરે હર ઘર જલ સર્ટિફિકેશનની કામગીરી, બાકી ઓડિટ, પાણી વેરાની વસુલાત તેમજ શાળા અને આંગણવાડીઓમાં પીવાના પાણીની સુવિધાઓની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. આ સાથે જ વાસ્મો હેઠળ ચાલતી વિવિધ યોજનાઓની પ્રગતિ અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ગ્રામીણ જળ પુરવઠો સુધારવા માટે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના રીજુવીનેશન અને સ્પે. કોમ્પોનેંટ કાર્યક્રમ હેઠળ કુલ છ વિકાસકામોને વહીવટી મંજૂરી આપવામાં આવી હતી.જે અંતર્ગત ભાવનગરના ખડસલિયા ગામે ટ્રાયલ બોર માટે રૂ. ૩૮ હજાર, તળાજાના પિંગળી ગામે ટ્રાયલ બોર માટે રૂ. ૪૦ હજાર, મહુવાના મોણપર ગામે પમ્પિંગ મશીનરી માટે રૂ. ૬૭ હજાર, પાલીતાણાના રતનપર ગામે પમ્પિંગ મશીનરી માટે રૂ. ૧.૦૬ લાખ, ગારીયાધારના માનપુર ગામે રૂ. ૧.૪૬ લાખ તથા સિહોરના આંબલા ગામે હયાત બોર પર પમ્પિંગ મશીનરી માટે રૂ. ૪.૦૯ લાખ મંજૂર કરાયા હતા. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન જરુ અને વાસ્મોના યુનિટ મેનેજર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીગ્રામ-પ્રયાગરાજ દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના વધુ ૧૩ ફેરા દોડાવવાનો રેલવેનો નિર્ણય

## મુસાફરોની સુવિધા અને ભીડને ધ્યાનમાં રાખીને સંચાલન સમયગાળો લંબાવાયોઃ ૧૮ જુલાઈથી બુકિંગ શરૂ

ભાવનગર,તા.૧૪

યાત્રિકોની સુવિધા અને વધારાની ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ગાંધીગ્રામ–પ્રયાગરાજ–ગાંધીગ્રામ દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરામાં વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. રેલવે તંત્ર દ્વારા આ ટ્રેનના સંચાલન સમયગાળામાં વધારો કરીને વધુ ૧૩ ફેરા ચલાવવામાં આવશે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, ટ્રેન નંબર ૦૪૧૧૧ પ્રયાગરાજ–ગાંધીગ્રામ સ્પેશિયલ ૧૮ જુલાઈથી ૨૯ ઓગસ્ટ સુધી દર મંગળવાર અને શનિવારે દોડશે. જ્યારે ટ્રેન નંબર ૦૪૧૧૨ ગાંધીગ્રામ–પ્રયાગરાજ સ્પેશિયલ ૧૯ જુલાઈથી ૩૦ ઓગસ્ટ સુધી દર બુધવાર અને રવિવારે ૧૩ ફેરા માટે ચલાવવામાં આવશે.

આ સ્પેશિયલ ટ્રેનનો માર્ગ, સ્ટોપેજ અને સમયપત્રક અગાઉની જેમ જ યથાવત રહેશે. આ ટ્રેન બંને દિશામાં ચાંદખેડા રોડ, મહેસાણા, પાલનપુર, આબુ રોડ, અજમેર, જયપુર, ભરતપુર, ટૂંડલા અને ગોવિંદપુરી સહિતના સ્ટેશનો પર ઊભી રહેશે. આ વધારાના ફેરા માટેનું બુકિંગ શરૂ થઈ ગયું છે. મુસાફરો વધુ માહિતી માટે ઈન્ડિયન રેલવેની અધિકૃત વેબસાઈટ કે ક્ષ્ઈજી એપની મદદ લઈ શકે છે.

## અવસાન નોંધ

**સિંધી રાજાઈ મરણ ભાવનગર**

ક્રિષ્નાબેન કનૈયાલાલ રાજાઈ (ઉ.વ.૬૩)નું તા.૧૩ને સોમવારે અવસાન થયેલ છે જેઓ કનૈયાલાલ થાવરદાસ રાજાઈ (વાસુદેવ પાન)ના પત્નિ, હિતેશ, યોગેશના માતૃશ્રી, આનંદ, હિમાંશુના કાકી, ચંદ્રકાંતભાઈ થાવરદાસ, હરેશભાઈ થાવરદાસ ના ભાભી થાય. સ્વ.નું બેસણું (પગડીયુ) તા.૧૪/૭/૨૬ ને મંગળવારે સાંજે ૫-૩૦ થી ૬ કલાકે શ્રી ઝુલેલાલ મંદિર, જૂનું સિંધુનગર,ભાવનગર ખાતે ભાઈઓ અને બહેનોનું સાથે રાખેલ છે.

# ભાવનગરમાં 'કપાસ ક્રાંતિ યોજના' મંજૂરઃ ખેડૂતોને પ્રતિ હેક્ટર રૂ. ૧૪,૦૦૦ સુધીની સહાય મળશે

## ૫ વર્ષ માટે અમલી બનેલી મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી યોજના હેઠળ આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજીઓ શરૂઃ દિવેલા કીટ પણ રાહત દરે અપાશે

ભાવનગર,તા.૧૪

રાજ્યના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા કપાસનું ઉત્પાદન અને ગુણવત્તા સુધારવા તેમજ ખેડૂતોની આવક વધારવાના ઉદ્દેશ્યથી "મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી (કપાસ ક્રાંતિ) યોજના" મંજૂર કરવામાં આવી છે. ભાવનગર જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદી મુજબ, આ યોજના આગામી ૫ વર્ષ (વર્ષ ૨૦૨૬-૨૭થી ૨૦૩૦-૩૧) માટે ભાવનગર સહિત રાજ્યના ૨૧ જિલ્લાઓમાં અમલમાં રહેશે.આ યોજના હેઠળ કપાસની ખેતી કરતા ખેડૂતોને વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવવા માટે બે ઘટકો હેઠળ આર્થિક સહાય અપાશે. જેમાં ક્લોઝર સ્પેસિંગ ટેક્નોલોજી (CST) હેઠળ વાવેતર કરનારને પ્રતિ હેક્ટર રૂ. ૧૪,૦૦૦ સુધીની સહાય અને સંકલિત પાક વ્યવસ્થાપન (ICM) હેઠળ પ્રતિ હેક્ટર રૂ. ૭,૫૦૦ સુધીની સહાય મળવાપાત્ર રહેશે. યોજનાનો લાભ લેવા માટે ખેડૂતનું ફાર્મર રજિસ્ટ્રી હોવું, આધાર કાર્ડ જમીનના ૭/૧૨ અને ૮-અ ના ઉતારા સાથે લિંક હોવું જરૂરી છે. આ માટે આઈ-ખેડૂત પોર્ટલ પર ૧૦ જુલાઈ, ૨૦૨૬ થી ઓનલાઈન અરજીઓ શરૂ થઈ ગઈ છે. આ ઉપરાંત, હવામાનની વિપરીત પરિસ્થિતિને ધ્યાને રાખી દિવેલા પાકનું વાવેતર વધારવા એજીઆર-૨ યોજના હેઠળ રૂ. ૧૫૭૦ની દિવેલા કીટ સહાય બાદ માત્ર રૂ. ૩૫૦માં આપવામાં આવશે.

# પાલીતાણાઃ આશ્રમમાં ગેરકાયદે ગાંજાના વાવેતર સાથે સંચાલક ઝડપાયો

પાલીતાણા,તા.૧૪

તાલુકાના ભુંડરખા નં. ૨ ગામે આવેલા કૈલાસધામ આશ્રમમાં પાલીતાણા ટાઉન પોલીસે રવિવારે સફળ રેઈડ કરીને ગેરકાયદેસર વાવેતર કરાયેલા ગાંજાના લીલા છોડનો જથ્થો ઝડપી લીધો છે.

આશ્રમની દેખરેખ રાખતા ૩૯ વર્ષીય અરવીંદ ઉર્ફે અરવીંદગીરી ભરતભાઈ ગોહિલે વરંડામાં આડસ ઊભી કરીને ૬થી ૭ ફૂટ ઊંચા ગાંજાના ૭ છોડનું વાવેતર કર્યું હતું. એફ.એસ.એલ. (FSL) અધિકારીઓની હાજરીમાં કરાયેલી તપાસ દરમિયાન પોલીસે ?૨,૪૮,૨૫૦ની કિંમતનો ૯ કિલો ૯૩૦ ગ્રામ લીલો ગાંજો જપ્ત કર્યો છે.પૂછપરછમાં આરોપીએ જણાવ્યું હતું કે તે પોતે ગાંજો પીવાની ટેવ ધરાવતો હોવાથી સાધુ-સંતો અને પોતાના વપરાશ માટે આ વાવેતર કર્યું હતું. પોલીસે આરોપીની ધરપકડ કરી તેની વિરુદ્ધ એન.ડી.પી.એસ. (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી.નં ૩૩૮/૨૦૨૬**
**જન્મ.તારીખ.૦૧/૦૧/૧૯૭૬**

**શ્રી અબ્દુલસતાર હુસેનભાઇ લાખાણી,**
**રહે. ગુલીસ્તા ગ્રાઉન્ડ, વાઘાવાડી રોડ,**
**ભાવનગર. મો.નં. ૮૧૪૦૭૫૮૦૮૫**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી અબ્દુલસતાર હુસેનભાઈ લાખાણીએ તેમના પુત્ર કાદરભાઈ અબ્દુલસતાર લાખાણીનો જન્મ તા.૧/૧/૧૯૭૬ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**



**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

**વિવિધ એન્જીનિયરીંગ કામ**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| 01 | ૧૦૦-૨૦૨૬-૨૭ | NSG-૦૬ સ્ટેશનો રાણાવાવ, ચોરવાડ રોડ, રાણપુર સ્ટેશનો ખાતે ૨૩-૨૪ LHB કોચીઝની ટ્રેનોના સમાયોજન માટે પ્લેટફોર્મના વિસ્તરણના મંજૂર થયેલા કામની સામે રાણપુર ખાતે પ્લેટફોર્મનું વિસ્તરણ કરવાનું કામ. | ૫૬,૪૬,૮૮૬.૨૧ | ૧,૧૨,૯૦૦.00 |
| 02 | ૧૦૧-૨૦૨૬-૨૭ | ભાવનગર ટર્મિનસ, વેરાવળ, બોટાદ, પોરબંદર ખાતે ૬૦૦m સુધી પ્લેટફોર્મના વિસ્તરણની જોગવાઈ કરવાના મંજૂર થયેલા કામની સામે બોટાદ ખાતે પ્લેટફોર્મનું વિસ્તરણ કરવાનું કામ. | ૯૧,૬૫,૬૯૦.૯૫ | ૧,૮૩,૩00.00 |
| 03 | ૧૦૨-૨૦૨૬-૨૭ | પાલીતાણા અને સોનગઢ :- સ્ટેશનોનું અપગ્રેડેશન કરવાનું કામ. | ૨,૯૯,૫૭,૮૬૧.૯૨ | ૫,૯૯,૨00.00 |
| 04 | ૧૦૩-૨૦૨૬-૨૭ | બોટાદ :- સ્ટેશનનું અપગ્રેડેશન કરવાનું કામ. | ૮,૯૩,૫૨,૭૬૪.૫૩ | ૧૭,૮૭,૧00.00 |
| 05 | ૧૦૪-૨૦૨૬-૨૭ | સિહોર :- સિહોર સ્ટેશનનું અપગ્રેડેશન કરવાનું કામ. | ૧,૯૦,૪૦,૮૫૪.૪૬ | ૩,૮૦,૮00.00 |
| 06 | ૧૦૫-૨૦૨૬-૨૭ | ADEN-ભાવનગર હેઠળ ઝોન નં. ૬-A, મેડિકલ અને સ્ટેડિયમ કોલોની માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭). | ૩,૦૪,૬૩,૩૪૦.00 | ૬,૦૯,૩00.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ : ૨૦-૦૭-૨૦૨૬ અને બિડિંગ બંધ થવાની તારીખઃ ૦૩-૦૮-૨૦૨૬ વેબસાઈટ વિગતઃ www.ireps.gov.in

BVP-076

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



**શ્રી મોટીધરાઇ ગ્રામપંચાયત, તા.વલ્લભીપુર, જી.ભાવનગર**

**જાહેર હરરાજી**

આથી જાહેર નિવિદા દ્વારા જાણ કરવામાં આવે છે કે મોટીધરાઈ તા. વલ્લભીપુરનાં ગૌચર માં હે-આરે-ચો.મી. ૪૫-૨૮-૦૦ માં ઉગી નીકળેલ બાવળ-કાંટની હરરાજીની મંજુરી કલેકટર સાહેબશ્રી, ભાવનગરનાં હુકમ નં. જમીન/૨/બાવળ/૧૬૮૮૫/૨૦૨૬ તા. ૨૦/૦૬/૨૦૨૬ થી આવેલ છે, જેની અપસેટ કિંમત ૨૨,૫૫,૨૫૦/- ( અંકે રૂ. બાવીસ લાખ પંચાવન હજાર બસ્સો પચાસ પુરા) ઠરાવવામાં આવેલ છે. તો આ જાહેર હરરાજી તા.૨૦/૦૭/૨૦૨૬ ને સોમવાર સવારે ૧૧-૦૦ વાગ્યે ગ્રામ કચેરી ખાતે રાખેલ છે.

**શરતો**

(૧) હરરાજીનાં એક કલાક અગાઉ ડીપોઝીટ પેટે રૂ. ૨,૨૫,૫૨૫/- ( અંકે રૂ. બે લાખ પચ્ચીસ હજાર પાંચસો પચ્ચીસ પુરા) જમા કરાવવાના રહેશે.
(૨) સમય મર્યાદામાં ડીપોઝીટ જમા કરાવનાર ઇસમો જ હરરાજીમાં ભાગ લઇ શકાશે.
(૩) હરરાજીમાં મહત્તમ બોલી બોલનારને ઈજારો આપવામાં આવશે.
(૪) સમય મર્યાદા બાદ હાજર રહેલ ઇસમો હરરાજીમાં ભાગ લઇ શકશે નહી.
(૫) વધુ નિયમો-શરતો હરરાજીના દિવસે વાંચી-સંભળાવવામાં આવશે.
(૬) હરરાજી બાબતે આખરી નિર્ણય ગ્રામ પંચાયતનો માન્ય રહેશે.

નોંધ :- વધુ માહિતી માટે સરપંચશ્રી, મોટીધરાઇ ગ્રામપંચાયત નો સંપર્ક કરવો.

તલાટી કમ મંત્રી
મોટીધરાઇ ગ્રામ પંચાયત

માહિતી-ભાવ-૩૯૩-૨૬

સરપંચ
મોટીધરાઇ ગ્રામ પંચાયત



[illegible]

માહિતી-ભાવ-૩૯૬-૨૬



**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી.નં ૧૫૧/૨૦૨૫**
**મરણ.તારીખ.૩૧/૧૦/૧૯૮૯**

**શ્રી નંદુબેન નટવરભાઈ પરમાર,**
**રહે. પ્લોટ નં.૪૨, ગોરધનદાસ કોલોની, શેરી નં.૩,**
**સિન્હા કોલોની, કુંભારવાડા,**
**ભાવનગર. મો-૯૮૨૪૩૨૩૬૦૨**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે મૃત્યુની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી નંદુબેન નટવરભાઈ પરમારએ તેમના માતા રળીયાતબેન રાજાભાઈ જાદવ નું મૃત્યુ તા.૩૧/૧૦/૧૯૮૯ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૫/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**



**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી.નં ૨૭૭/૨૦૨૬**
**જન્મ.તારીખ.૦૬/૦૩/૧૯૬૫**

**શ્રી ગોહેલ મંગુબેન બાબુભાઇ,**
**રહે. પ્લોટ નં.બી/૧૮૮૪, અક્ષરધામ સોસાયટી, કાળીયાબીડ, પટેલ પાર્ક,**
**ભાવનગર. મો.૭૮૭૪૮૭૮૧૧૨**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ગોહેલ મંગુબેન બાબુભાઈએ તેમના પુત્રી મીનાબેન બાબુભાઈ ગોહેલનો જન્મ તા.૦૬/૦૩/૧૯૬૫ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૮/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**



**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી.નં ૨૯૨/૨૦૨૬**
**જન્મ.તારીખ.૦૫/૦૪/૨૦૦૫**

**શ્રી પંડયા મનહરભાઇ ગોવિંદભાઇ,**
**રહે. પ્લોટ નં.૬, ઘનશ્યામનગર, ટોપ થ્રી સર્કલ, તળાજારોડ,**
**ભાવનગર. મો.૭૮૭૪૮૭૮૧૧૨**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી પંડ્યા મનહરભાઈ ગોવિંદભાઈએ તેમના પુત્ર સિધ્ધાર્થ મનહરભાઈ પંડયાનો જન્મ તા.૦૫/૦૪/૨૦૦૫ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૮/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

# રથયાત્રા માટે પોલીસ તંત્ર સજ્જ; ૫ હજારથી વધુ જવાનોના બંદોબસ્ત અંગે યોજાઈ બ્રિફિંગ બેઠક






તસવીર : ધવલ વાજા


ગુજરાતની બીજા નંબરની સૌથી મોટી ગણાતી ભગવાન જગન્નાથજીની ૪૧મી રથયાત્રા ભાવનગર શહેરમાં યોજાવા જઈ રહી છે. આ ભવ્ય નગરયાત્રા સુભાષનગર ખાતે આવેલા પ્રભુ જગન્નાથજીના મંદિરેથી સવારે ૮:૦૦ કલાકે પ્રસ્થાન કરશે અને શહેરના ૧૭.૫ કિલોમીટર લાંબા રૂટ પર પરિભ્રમણ કરશે. રથયાત્રા શાંતિપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણમાં સંપન્ન થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા ત્રિસ્તરીય લોખંડી બંદોબસ્તનું આયોજન કરવામાં આવ્યું છે.આ રથયાત્રાના રૂટ પર સુરક્ષા વ્યવસ્થા જાળવી રાખવા માટે ૫,૦૦૦થી વધુ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવનાર છે. આ સમગ્ર બંદોબસ્તની રૂપરેખા અને સુરક્ષા વ્યવસ્થા અંગે તમામ પોલીસ કર્મચારીઓને ઝીણવટભરી માહિતી આપવા માટે અક્ષરવાડી સ્વામિનારાયણ મંદિર ખાતે એક વિશેષ બ્રિફિંગ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ભાવનગર જિલ્લા પોલીસ અધિક્ષક (એસ.પી.) સહિતના ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં પોલીસ જવાનો ઉપસ્થિત રહ્યા હતા અને રથયાત્રા દરમિયાન કાયદો તથા વ્યવસ્થા જાળવવા માટે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# જગન્નાથજીની રથયાત્રામાં પરંપરાગત આકર્ષણ જમાવશે અખાડા; દુર્ગાવાહિની અને બજરંગદળના શૌર્યના કરતબો જોવા મળશે





આગામી ગુરુવારે અષાઢી બીજના પાવન પર્વે ભાવનગરના રાજમાર્ગો પર નીકળનારી ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રામાં પરંપરાગત અખાડાઓ વિશેષ આકર્ષણ જમાવશે. રથયાત્રા દરમિયાન બજરંગદળ અને દુર્ગાવાહિનીના અખાડાઓ દ્વારા હેરતઅંગેજ દાવપેચ રજૂ કરી શૌર્ય અને શક્તિનું અદ્ભુત પ્રદર્શન કરવામાં આવશે.ભગવાનના નગરભ્રમણ દરમિયાન યોજાતા આ અખાડાઓ વર્ષોથી રથયાત્રાનો અભિન્ન હિસ્સો રહ્યા છે, જે અબાલ-વૃદ્ધ સૌ કોઈ માટે ભારે આકર્ષણનું કેન્દ્ર બને છે. આ શૌર્ય શક્તિના કરતબો રજૂ કરવા માટે અખાડાના કાર્યકરો અને યુવાનો છેલ્લા ઘણા દિવસોથી સખત મહેનત કરી રહ્યા છે. ધર્મ, સંસ્કૃતિ અને શૌર્યના આ ત્રિવેણી સંગમ સમાન અખાડા મંડળીઓ દ્વારા હાલ તમામ પ્રકારની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ગુરુવારે રથયાત્રા દરમિયાન ભાવનગરના માર્ગો પર અખાડિયનો પોતાના કરતબોથી છવાઈ જવા માટે સજ્જ બન્યા છે.




તસવીર : ધવલ વાજા

## કાયદો અને વ્યવસ્થા જાળવવા કાર્યપાલક મેજિસ્ટ્રેટ્સને એક્ઝિક્યુટિવના પાવર્સ સોંપાયા

ભાવનગર,તા.૧૪

ભાવનગર શહેરમાં આગામી તા. ૧૬/૦૭/૨૦૨૬ના રોજ યોજાનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુચારુ રીતે જળવાઈ રહે તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ્સની ફરજ અંગેનો એક ખાસ હુકમ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ હુકમ અનુસાર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની જોગવાઈઓ હેઠળ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ્સને તા. ૧૫/૦૭/૨૦૨૬થી તા. ૧૭/૦૭/૨૦૨૬ સુધીના સમયગાળા માટે કલમ-૧૬૩ના વિશેષ અધિકારો સોંપવામાં આવ્યા છે.

નિયુક્ત કરાયેલા તમામ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ્સે રથયાત્રાના આગમનથી લઈને તે શાંતિપૂર્ણ રીતે પસાર થઈ જાય ત્યાં સુધી પોતાના નિયત સ્થળે હાજર રહી પરિસ્થિતિ પર સતત નજર રાખવાની રહેશે, જ્યારે રિઝર્વ મેજિસ્ટ્રેટ્સ અને કર્મચારીઓએ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની સૂચના મુજબ કંટ્રોલ રૂમ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ ખાતે ફરજ બજાવવાની રહેશે. જો કોઈ અનિચ્છનીય બનાવ બને, તો તેની તાત્કાલિક જાણ ડિઝાસ્ટર કંટ્રોલ રૂમના ફોન નં. ૨૫૨૧૫૫૪ અથવા ૨૫૨૧૫૫૫ પર કરવાની રહેશે.ફરજ પરના તમામ મેજિસ્ટ્રેટ્સને તેમના હોદ્દાને અનુરૂપ જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની જવાબદારી પોલીસ અધિકારીઓની રહેશે, જે અંગે પોલીસ અધિક્ષકને ખાસ સૂચના આપવામાં આવી છે. આ સમગ્ર વ્યવસ્થાની દેખરેખ અને કલેક્ટર કચેરીને સમયાંતરે રિપોર્ટિંગ કરવાની જવાબદારી સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સંભાળશે.

**રથયાત્રા રૂટ અને કંટ્રોલ રૂમ પર અધિકારીઓ રાખશે ચાંપતી નજર; અનિચ્છનીય બનાવ અંગે ડિઝાસ્ટર સેલને ત્વરિત જાણ કરવા આદેશ**

# કુંભારવાડામાં પમ્પિંગ સ્ટેશનના ચોકીદાર ઉપર જીવલેણ હુમલો

ભાવનગર,તા.૧૪

ભાવનગરના કુંભારવાડા વિસ્તારમાં માઢિયા રોડ પર આવેલ મ્યુનિસિપલ પમ્પિંગ સ્ટેશનમાં નોકરી કરતા ચોકીદાર પર ત્રણ શખ્સોએ ઘાતક હુમલો કરી ઈજા કર્યાની ફરિયાદ નોંધાવતા બોરતળાવ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ, ચોકીદાર રાજુભાઈ લાભુભાઈ જાંબુચા (ઉ.વ.૩૯) કુંભારવાડામાં પમ્પિંગ સ્ટેશનમાં ફરજ પર હતા ત્યારે વિજય ઉર્ફે સાંગો ભરતભાઈ પરમાર અને અજય ભરતભાઈ પરમારને અંદર બેસવાની ના પાડી હતી. આ બાબતનું મનદુઃખ રાખીને વિજય ઉર્ફે સાંગો (લાકડાના ધોકા સાથે), ભરતભાઈ પરમાર (ધારીયા સાથે) અને અજય પરમાર (ઈંટ સાથે) ધસી આવ્યા હતા.અને ગાળો ભાંડી રાજુભાઈ પર હુમલો કર્યો હતો. જેમાં વિજય અને ભરતે માથાના ભાગે ધોકો અને ઊંધું ધારીયુ મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી, જ્યારે અજયે પકડી રાખી ઢીકાપાટુનો માર માર્યો હતો.બાદ તેમના પત્ની અને ભાઈ આવી જતા હુમલાખોર નાશી ગયા હતા અને જતા-જતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.બાદ લોહીલુહાણ હાલતમાં રાજુભાઈને સરકારી હોસ્પિટલના જીંઝેં વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે. આ અંગે બોરતળાવ પોલીસે ત્રણેય આરોપીઓ સામે બી.એન.એસ. કલમ ૧૧૮(૨), ૧૧૫(૨), ૩૨૪(૪), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ અને જીપીએ ૧૩૫ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**પમ્પિંગમાં બેસવાની ના પાડતા ત્રણ શખ્સોએ ધોકા અને ધારીયા વડે હુમલો કર્યો, બોરતળાવ પોલીસમાં ગુનો દાખલ**

# કાળાનાળા વિસ્તારમાં બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા રોકડ અને દાગીના મળીને ૨ લાખથી વધુની તસ્કરી

**પરિવાર નેપાળ દર્શનાર્થે તથા પિતા કામ સબબ બહારગામ ગયા અને તસ્કરો ઘરે પહોંચ્યા, કબાટ તોડી હાથફેરો કર્યો; નીલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ**



ભાવનગર,તા.૧૪

શહેરના કાળાનાળા વિસ્તારમાં આવેલ બારસો મહાદેવની વાડી નજીક એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી રૂ.૨ લાખથી વધુની મત્તાની ચોરી કરી પલાયન થયાની ફરિયાદ નિલમબાગ પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, કાળાનાળામાં દાદા સાહેબ જૈન દેરાસર સામે રહેતા અને બેંકમાં નોકરી કરતા સુનિલભાઈ શાંતિભાઈ વકાણી ગત તા. ૦૫/૦૭/૨૦૨૬ ના રોજ તેમના પરિવાર સાથે નેપાળ ખાતે પશુપતિનાથના દર્શનાર્થે ગયા હતા. ઘરે તેમના પિતા એકલા હતા, જેઓ પણ ગત તા. ૦૮ જુલાઈના રોજ મકાનને તાળું મારી અમદાવાદ ગયા હતા. તા.૧૦ જુલાઈએ રાત્રે તેમના પિતા ઘરે પરત ફરતા ઘરનો સામાન વેરવિખેર જોવા મળ્યો હતો.

સુનિલભાઈ પરિવાર સાથે પરત આવી ઘરમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, તસ્કરોએ ઘરના કુલ ત્રણ કબાટના લોક તોડી અંદર રાખેલા સોનાની બુટ્ટી, લગડી, પેન્ડલ, વીંટી તેમજ ચાંદીની કડલી, છડા અને સાંકળા સહિતના દાગીના ચોરી લીધા હતા. આ ઉપરાંત ઘરમાંથી એક બંધ મોબાઈલ અને રોકડા રૂ. ૬૦,૦૦૦ તથા પરચુરણ સિક્કા રૂ૩૦૦૦ મળીને કુલ રૂ. ૨,૦૬,૨૦૦/- ની ચોરી થઈ હોવાની જાણ થયેલ

આ બનાવ અંગે સુનિલભાઈ વાકાણીએ નીલમબાગ પોલીસ મથકમાં અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે બી.એન.એસ કલમ ૩૦૫(ક), ૩૩૧(૩), ૩૩૧(૪), ૫૪ મુજબ વિધિવત ફરિયાદ નોંધી તસ્કરોનેઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ભાવનગરમાં જગન્નાથજીની ૪૧મી રથયાત્રા પૂર્વે પોલીસનું મેગા ઓપરેશન

## આડોડિયાવાસમાં દારૂના અડ્ડાઓ પર તવાઈ, મોટા પ્રમાણમાં દેશી દારૂ અને બીયરનો જથ્થો જપ્ત કરાયો

**ઘોઘારોડ પોલીસ દ્વારા મહિલા બુટલેગરો સહિત અનેક સામે ગુના દાખલ કરાયા, હજારો લીટર આથાનો નાશ કરાયો**

ભાવનગર,તા.૧૪

ભાવનગર શહેરમાં આગામી તા. ૧૬ને ગુરુવારના રોજ નીકળનારી ભગવાન જગન્નાથજીની ૪૧મી રથયાત્રા નિમિત્તે શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ભાવનગર પોલીસ અત્યારથી જ એક્શન મોડમાં આવી ગઈ છે. જેના ભાગરૂપે ઘોઘારોડ પોલીસ મથક અને એલ.સી.બી.ના સ્ટાફે આડોડિયાવાસ સહિતના વિસ્તારોમાં ધમધમતા દારૂના અડ્ડાઓ પર ત્રાટકીને મેગા ડ્રાઈવ હાથ ધરી હતી, જેમાં હજારો લીટર આથો નાશ કરી મોટા પ્રમાણમાં દેશી દારૂ અને બીયરનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

પોલીસની અલગ-અલગ ટીમોએ રાત્રિના સમયે આડોડિયાવાસમાં સપાટો બોલાવ્યો હતો. રેડ દરમિયાન મહિલા બુટલેગરોના છાપરાઓમાંથી દેશી દારૂ બનાવવા માટેનો પીળા કલરનો પ્રવાહી ભરેલો આશરે ૨૬૨૫ લીટર જેટલો આથો મળી આવ્યો હતો. જેમાં સૌથી વધુ સોનાબેન ગૌતમભાઈ પરમારના છાપરેથી ૧૩૫૦ લીટર આથો ભરેલા ૯૦ ડબ્બા મળ્યા હતા. આ ઉપરાંત મીનાબેન મહેશભાઈ રાઠોડ પાસેથી ૩૭૫ લીટર, જ્યારે પાનબાઈ ક્રિપાલભાઈ પરમાર, ક્રિષ્નાબેન અનીકેતભાઈ પરમાર અને મીનાબેન રાકેશભાઈ રાઠોડના છાપરેથી ૩૦૦-૩૦૦ લીટર આથો મળી આવ્યો હતો. પોલીસે તમામ ડબ્બાઓ તોડીને સ્થળ પર જ આથાનો નાશ કર્યો હતો.

આથા ઉપરાંત પોલીસે અલગ-અલગ દરોડામાં કુલ ૨૫૫ લીટર જેટલો તૈયાર દેશી દારૂ પણ કબજે કર્યો છે. જેમાં મીનાબેન રાકેશભાઈ રાઠોડ પાસેથી ૧૦૦ લીટર, રેખાબેન નરેશભાઈ રાઠોડ પાસેથી (બે અલગ દરોડામાં કુલ ૭૫ લીટર), મીનાબેન મહેશભાઈ રાઠોડ પાસેથી ૫૦ લીટર અને દીપક ચોક પાસે રહેતી મીનલબેન નરેશભાઈ પરમાર પાસેથી ૩૦ લીટર દેશી દારૂની કોથળીઓ ઝડપી લેવાઈ હતી. બીજી તરફ, જયશ્રીબેન સરજુભાઈ પરમારના છાપરેથી કિંગફિશર કંપનીના ૪ બીયરના ટીન પણ મળી આવ્યા હતા. દરોડા દરમિયાન મોટાભાગની મહિલા બુટલેગરો પોતાના છાપરા ખુલ્લા મુકીને ફરાર થઈ ગઈ હતી. પોલીસે તમામ ફરાર આરોપીઓ વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તેમની શોધખોળ હાથ ધરી છે. રથયાત્રા પૂર્વે પોલીસની આ કડક કાર્યવાહીથી બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## ગંગાજળિયા પોલીસે ચાર સ્થળોએ દરોડા પાડી દેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

ભાવનગર,તા.૧૪

શહેરમાં ગેરકાયદેસર દેશી દારૂના વેચાણ અને હેરાફેરી સામે ગંગાજળિયા પોલીસે લાલ આંખ કરી છે. પોલીસ સ્ટાફે ચોક્કસ બાતમીના આધારે વહેલી સવારે શહેરના જુના બંદર રોડ, કરચલિયાપરા અને રાણીકા વિસ્તારમાં અલગ-અલગ ચાર સ્થળોએ મેગા ડ્રાઈવ હાથ ધરી દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહીમાં પોલીસે કુલ ૪૬ લિટર દેશી દારૂ (કુલ કિંમત રૂ. ૯,૨૦૦) જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના જુના બંદર રોડ: મોગલ માતાના મંદિર પાસે યુ.મીલ કમ્પાઉન્ડ નજીક પોલીસે દરોડો પાડીને નિલેશ ઉર્ફે નિલો વિનોદભાઈ બારૈયાને ૧૫ લિટર દેશી દારૂ (રૂ. ૩૦૦૦ની કિંમતની ૭૫ કોથળીઓ) સાથે રંગેહાથ ઝડપી લીધો હતો, કરચલિયાપરા (બજરંગ અખાડા પાસે): અહીં પ્રવિણ ઉર્ફે પલ્લો રવજીભાઈ બારૈયાના ઘરે રેડ કરતા તે હાજર મળ્યો ન હતો. જોકે, પોલીસે તેના ઘરની બહારથી ૭ લિટર દારૂ (રૂ.૧૪૦૦) ભરેલો થેલો કબજે કર્યો હતો., કરચલિયાપરા (રૂખડિયા હનુમાન પાસે): કાકાબળિયાની શેરીમાં પોલીસે અજય ઉર્ફે અજુ કિશનભાઈ જાદવને ૧૬ લિટર દેશી દારૂ (રૂ. ૩૨૦૦ની કિંમતની ૮૦ કોથળીઓ) સાથે સ્થળ પરથી જ દબોચી લીધો હતો.,રાણીકા ગેટ (પટેલ ફળી): અહીં રમેશ ઉર્ફે મામુ પોપટભાઈ મકવાણાના ઘર પાસે દરોડો પાડતા આરોપી ફરાર હતો, પરંતુ સ્થળ પરથી ૮ લિટર દારૂ (રૂ. ૧૬૦૦) મળી આવ્યો હતો.પોલીસે સ્થળ પરથી પકડાયેલા બે આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે ફરાર થઈ ગયેલા અન્ય બે આરોપીઓને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. તમામ ચારેય બુટલેગરો વિરુદ્ધ ગંગાજળિયા પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

**જુના બંદર રોડ, કરચલિયાપરા અને રાણીકા વિસ્તારમાં પોલીસે વહેલી સવારે કરેલી કાર્યવાહીમાં બે બુટલેગરો રંગેહાથ પકડાયા, બે ફરાર**